# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

<u>પરિપત્રઃ-</u>

**વિષયઃ- B.Sc. અભ્યાસક્રમ સિવાયનાં વાણિજ્ય, વિનયન તથા અન્ય સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા અંગે મુદ્દતમાં વધારો કરવા બાબત.**

**સંદર્ભઃ- અત્રેના પત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૮૨૩/૨૦૨૦-૨૧, તા.૧૯/૦૬/૨૦૨૦.**

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓનાં આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષઃ૨૦૨૦-૨૧ માટે B.Sc. અભ્યાસક્રમ સિવાયનાં વાણિજ્ય, વિનયન તથા અન્ય સ્નાતક(UG) અભ્યાસક્રમો માટે કોલેજ કક્ષાએ ઉક્ત સંદર્ભદર્શિત પરિપત્રથી વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા કરવા અંગે **તા.૨૦/૦૭/૨૦૨૦** સુધી પૂર્ણ કરવા જણાવેલ હતું.

ઉક્ત વિગતે હાલની કોવીડ-19ની મહામારી અને કોલેજો તથા વિદ્યાર્થીઓની આવેલ રજુઆતો ધ્યાને લઇ માન.કુલપતિશ્રી દ્વારા B.Sc. અભ્યાસક્રમ સિવાયનાં વાણિજ્ય, વિનયન તથા અન્ય સ્નાતક(UG) અભ્યાસક્રમ માટે કોલેજ કક્ષાએથી ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા માટેની મુદત **તા.૩૧/૦૭/૨૦૨૦** સુધી લંબાવવામાં આવે છે. ઓનલાઇન પ્રવેશ માટે પ્રત્યેક કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીને <u>**ગત વર્ષે આપેલ ઓનલાઇન પોર્ટલનાં યુઝર આઇડી તથા પાસવર્ડ યથાવત રહેશે.**</u> તમામ કોલેજો દ્વારા વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા **તા.૩૧/૦૭/૨૦૨૦** સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. વિદ્યાર્થીઓનાં પ્રવેશ અંગેના નિયમો, વિદ્યાર્થીઓનાં પ્રવેશની સંખ્યા (ઇન્ટેક) અને રાજ્ય સરકારશ્રી/યુ.જી.સી. દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ જ પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. તેમજ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓની મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. **(તા.30/૦૫/૨૦૨૦નો સ્નાતક અભ્યાસક્રમો અંગે ઇન્ટેક બાબતનો પરિપત્ર)** ઇન્ટેક કેપેસીટીથી વધુ આપવામાં આવેલ પ્રવેશનાં એનરોલમેન્ટ/એનલીસ્ટમેન્ટ/રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહી અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી આચાર્યશ્રી/સંચાલકશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

- **ઓનલાઇન પ્રવેશ માટેની વેબસાઇટઃ- (<u>http://www.bknmu.edu.in</u>) ઉપર એડમિશન પોર્ટલમાં દર્શાવેલ લિંક (http://bknmuadm.icrp.in)→college registration and merit**

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૦૧૪/૨૦૨૦-૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, બિલખા રોડ, ખડીયા-જૂનાગઢ.
તા.૨૦/૦૭/૨૦૨૦

- પ્રતિ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.....

<u>નકલ સાદર રવાનાઃ-</u>

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.

<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:</u>

(૧) પરીક્ષા વિભાગ.

(૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.)